# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-03-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) મેદસ્વિતા નિયંત્રણ માટે રાજ્યમાં "સ્વસ્થ ગુજરાત , મેદસ્વિતામુક્ત ગુજરાત" અભિયાન શરૂ કરાશે-વિધાનસભામાં મુખ્યમંત્રીની જાહેરાત
2) આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું - મેડિકલ ક્ષેત્રમાં 45 સ્નાતક અને એક હજારથી વધુ અનુસ્નાતક બેઠકોની મંજૂરી અપાશે
3) સમાન નાગરિક સંહિતા અંગે સૂચનો રજૂ કરવા ઓનલાઇન પોર્ટલનો શુભારંભ
4) GPSC ની ગુજરાત વહીવટી સેવા વર્ગ 1 અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ 1-2ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરાયાં
5) ICC ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને જીતવા 265 રનનો લક્ષ્યાંક આપ્યો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM VIDHANSABHA

નાગરિકોની મેદસ્વિતા નિયંત્રણ માટે રાજ્ય સરકાર "સ્વસ્થ ગુજરાત , મેદસ્વિતામુક્ત ગુજરાત" અભિયાન શરૂ કરશે. વિધાનસભામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે આ જાહેરાત કરી હતી. આ અભિયાન અંતર્ગત રાજ્યમાં વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમો કરાશે. શ્રી પટેલે તમામ જન પ્રતિનિધિઓને આ અભિયાનમાં જોડાવા અપીલ કરી છે.

સમગ્ર વર્ષ દરમિયાન ચાલનારા આ અભિયાન અંગે રાજ્યનાં રમત-ગમત મંત્રી હર્ષ સંઘવીએ વધુ માહિતી આપી

(બાઈટ – હર્ષ સંઘવી)

ઉલ્લેખનીય છે કે આજે 4 માર્ચ વિશ્વ મેદસ્વિતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંગઠન WHOના જણાવ્યા અનુસાર મેદસ્વિપણાને અસામાન્ય કે વધુ પડતી ચરબીના સંચય તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. રાજ્યના આરોગ્ય વિભાગના આંકડાઓ અનુસાર રાજ્યમાં મેદસ્વિતાનું પ્રમાણ સ્ત્રીઓમાં 22.6 ટકા અને પુરુષોમાં 19.9 ટકાનું જોવા મળ્યું છે.

. . . . . . . . . . . . .

# RUSHIKESH PATEL MEDICAL

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત મેડિકલ શિક્ષણ ક્ષેત્રમાં 45 સ્નાતક અને 1 હજારથી વધુ અનુસ્નાતક બેઠકોની ઐતિહાસિક મંજૂરી અપાશે. વિધાનસભામાં રાજ્યની મેડિકલ કૉલેજમાં ડૉક્ટર ઓફ મેડિસીન M.D. અને માસ્ટર ઓફ સર્જરી M.S.ની બેઠકો સંદર્ભે શ્રી પટેલે જણાવ્યું કે , રાજ્યની મેડિકલ કૉલેજોમાં M.D.ની 2 હજાર 44 અને M.S.ની 932 બેઠકો ઉપલબ્ધ છે. છેલ્લા બે વર્ષમાં M.D.ની 446 અને M.S.ની 211 બેઠકો વધી હોવાનું તેમણે ઉમેર્યું હતુ.

. . . . . . . . . . . . .

# RUSHIKESH PATEL CIVIL

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વિધાનસભા ગૃહમાં જણાવ્યું કે અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં 588 કરોડ રૂપિયાના ખર્ચે 2 હજારથી વધુ બેડની ક્ષમતા ધરાવતી નવી હોસ્પિટલ બનશે. શ્રી પટેલે ઉમેર્યું ઓલ્ડ ટ્રોમા સેંટર સહિતના જુના મકાનો તોડી તેના સ્થાને નવીન ઓપીડી, 500 બેડની ચેપી રોગની હોસ્પિટલ તથા ૯૦૦ બેડની જનરલ હોસ્પિટલમાં ૩૦૦ બેડ આઇ.સી.યુ. અને સ્પેશિયલ રૂમ , વી.આઇ.પી. રૂમ મળી કુલ બે હજાર અઢાર બેડની હોસ્પિટલ નિર્માણ પામશે.

શ્રી પટેલે ઉમેર્યું કે અંદાજીત દસ માળની નિર્માણાધીન આ હોસ્પિટલમાં 555 ફોર વ્હીલર્સ અને એક હજાર ટુ વ્હીલર્સની ક્ષમતા ધરાવતું પાર્કીંગ , ચેપી રોગની અલાયદી ઓપીડી, ઓપરેશન થીયેટર તથા 115 બેડની સુવિધા ઉપલબ્ધ બનશે.

. . . . . . . . . . . . .

# GUJARAT VIDHANSABHA

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં માતા અને બાળ મૃત્યુદરમાં ઘટાડો થયો છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વિધાનસભા ગૃહમાં જણાવ્યું કે, રાજ્ય સરકારનાં માતા અને બાળ મૃત્યુદરને સંપૂર્ણપણે નાબૂદ કરવાનાં પ્રયાસોથી, વર્ષ 2001-02માં રાજ્યમાં માતા મૃત્યુદર 172 હતો જે આજે ઘટી 57 અને બાળ મૃત્યુદર 60થી 23 એ પહોંચ્યો છે. શ્રી પટેલે વધુમાં જણાવ્યું કે અત્યંત જોખમી ચિહ્નો ધરાવતી સર્ગભાઓ માટે ગત વર્ષે બજેટમાં નમો શ્રી , યોજના શરૂ કરાઇ હતી. આ યોજના અંતર્ગત 3 લાખથી વધુ લાભાર્થીઓએ અંદાજે 151 કરોડ રૂપિયાનો લાભ લીધો છે.

ગુજરાત વિધાનસભામાં આજે આરોગ્ય વિભાગ અને વન અને પર્યાવરણ તેમજ પ્રવાસન વિભાગની પ્રશ્નોત્તરીથી ગૃહની કાર્યવાહી શરૂ થઈ હતી.

રાજ્યમાં રિન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતા મામલે રાજ્યમંત્રી મુકેશ પટેલે જણાવ્યું કે ગુજરાત રીન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં દેશમાં બીજા ક્રમે રહ્યું છે. 31 ડિસેમ્બર 2024 ની સ્થિતિએ રીન્યુએબલ એનર્જી સ્થાપિત ક્ષમતા 31 હજાર 482 મેગા વોટ છે.

. . . . . . . . . . . . .

# UCC COMMITTEE

રાજ્યમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની જરૂરિયાતને ચકાસવા રચાયેલી સમિતિની ગાંધીનગર ખાતે બેઠક યોજાઇ. નિવૃત ન્યાયાધીશ રંજના દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં સમાન નાગરિક સંહિતા અંગે સૂચનો અને મંતવ્યો રજૂ કરવા ઓનલાઇન પોર્ટલ uccgujarat.in નો શુભારંભ કરાયો. સમિતિના અધ્યક્ષે રાજ્યના નાગરિકોને UCC અંગે સૂચનો મોકલવા અપીલ કરી હતી.

(બાઇટ: રંજના દેસાઈ, અધ્યક્ષ, UCC સમિતિ)

આ સમિતિએ રાજ્ય સરકારના વિવિધ આયોગ, ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિ તથા રાજકીય પક્ષો સાથે ચર્ચા-વિમર્શ કરી સૂચનો અને મંતવ્યો મેળવ્યા હતાં. UCC અંગે સૂચનો આગામી 24 માર્ચ સુધીમાં સમિતિની કચેરી બ્લોક નં.૧ , એ-વીંગ, છઠ્ઠો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર ખાતે ટપાલ મારફત પણ મોકલી શકાશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# GPSC NEW RULES

ગુજરાત જાહેર સેવા આયોગ- GPSC દ્વારા લેવાતી ગુજરાત વહીવટી સેવા વર્ગ 1 અને ગુજરાત મુલ્કી સેવા વર્ગ 1-2ની પરીક્ષામાં ફેરફાર કરાયાં છે. પ્રિલિમ પરીક્ષામાં બે પ્રશ્નપત્રની જગ્યાએ હવે 200 ગુણનું એક જ પ્રશ્નપત્ર હશે.

આ ઉપરાંત મુખ્ય પરીક્ષામાં નવા સુધારા પ્રમાણે હવે ગુજરાતી અને અંગ્રેજીમાં 25 ટકા ગુણ મેળવવા ફરજીયાત છે. જોકે તેના ગુણ મેરિટમાં ગણાશે નહીં. આ અંગે GPSCના અધ્યક્ષ હસમુખ પટેલે વધુ માહિતી આપી.

(બાઇટ: હસમુખ પટેલ, અધ્યક્ષ GPSC)

. . . . . . . . . . . . .

# LOCAL BODY ELECTIONS

તાજેતરમાં યોજાયેલી રાજ્યની સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી બાદ ભારતીય જનતા પાર્ટીએ હવે મહત્વનાં હોદ્દેદારોની વરણી માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગરમાં આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પ્રદેશની સંસદીય સમિતિની બેઠક યોજાઈ હતી , જેમાં પક્ષના પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય શક્તિ મંત્રી સી આર પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં 65 નગરપાલિકા, જુનાગઢ મહાનગરપાલિકા અને ત્રણ તાલુકા પંચાયતો-ગાંધીનગર , કઠલાલ અને કપડવંજનાં હોદ્દેદ્દારોની વરણી અંગે ચર્ચા થઈ હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે , મેયર, ડેપ્યુટી મેયર, સ્થાયી સમિતિના અધ્યક્ષ અને શાસક પક્ષનાં નેતાઓ સહિત કુલ 225થી વધુ મહત્વનાં હોદ્દાઓ પર વિચારણા થઈ હતી.

. . . . . . . . . . . . .

# CISF CYCLOTHON

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ- CISF પૂર્વ અને પશ્ચિમથી દક્ષિણ તટ સુધી સાયક્લોથોન યોજશે.

CISF ના 56માં સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત દેશના દરિયાકાંઠાની સુરક્ષાની જાગૃતિ ફેલાવવા આ સાયક્લોથોન યોજાઇ રહી છે , આગામી 25 દિવસમાં,14 મહિલાઓ સહિત 125 CISF સાયકલિસ્ટ, 6હજાર 553 કિમીની મુસાફરી સાયકલ દ્વારા કરશે. આ અંગે આઇપીએસ અધિકારી મમતા સિંઘે વધુ માહિતી આપી હતી.

(બાઇટ --મમતા સિંઘ)

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી 7 માર્ચે તમિલનાડુથી આ સાયક્લોથોનનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે.

. . . . . . . . . . . . .

# Weather

રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં  યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું તેમજ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગના નિયામક ડોક્ટર એ કે દાસે જણાવ્યું છે કે,અરબ સાગરમાં મજબૂત પ્રેશર ગ્રેડિયન્ટ સર્જાતાં 45 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

(બાઇટ -- ડોક્ટર એ કે દાસ, ડાયરેક્ટર)

આ ઉપરાંત આગામી   24  કલાક દરમિયાન અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં વાતાવરણ શુષ્ક રહેવાની સાથે મહત્તમ તાપમાન     34  થી  35  ડિગ્રી સેલ્સિયસ તથા લઘુત્તમ તાપમાન    20  ડિગ્રી સેલ્સિયસ ની આસપાસ રહેવાની શક્યતાઓ છે.

. . . . . . . . . . . . .

# ICC INDIA Vs AUS

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ- I.C.C. ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટની પ્રથમ સેમિ-ફાઈનલ મેચમાં  ઑસ્ટ્રેલિયાએ ભારતને જીતવા માટે 265 રનનો લક્ષ્યાંક આપ્યો છે. સ્ટિવ સ્મિથે 73 અને એલેક્સ કેરીએ 61 રન કર્યા હતા. ભારત વતી મહમ્મદ શમીએ ત્રણ, વરૂણ ચક્રવર્તી અને રવિન્દ્ર જાડેજાએ બે- બે વિકેટ લીધી હતી.

દુબઈમાં ચાલી રહેલી આ મેચમાં છેલ્લાં અહેવાલ પ્રમાણે ભારતે 11 ઓવરમાં 2 વિકેટે 58 રન કર્યા છે

બાંગ્લાદેશ અને પાકિસ્તાન સામે જીત્યા બાદ ભારતે પોતાની અંતિમ લીગ મેચમાં ન્યૂઝિલેન્ડને પણ 44 રનથી હરાવ્યું હતું  , સ્ટીવ સ્મિથના સફળ નેતૃત્વમાં ઑસ્ટ્રિલયા એક મોટી ટૂર્નામેન્ટની બીજી સેમિ-ફાઈનલમાં પહોંચી છે. ટૂર્નામેન્ટની બીજી સેમિ-ફાઈનલ મેચ આવતીકાલે ન્યૂઝિલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાકિસ્તાનના લાહોરમાં રમાશે. ફાઈનલ મેચ આ રવિવારે રમાશે.

. . . . . . . . . . . . .